દાખલ તારીખ : ૦૯–૦૨–૨૦૨૨
રજી. તારીખ : ૦૯–૦૨–૨૦૨૨
ફેસલ તારીખ : ૧૩–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

**ધોરાજીના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મું. ધોરાજી.**

**ફોજદારી કેસ નં.૬૧/૨૦૨૨**

**આંક–**

ફરિયાદીઃ– અરવિંદકુમાર હમીરભાઇ રાઠોડ,
રહે. બહારપુરા,વણકરવાસ,ધોરાજી.

**વિરૂધ્ધ**

આરોપીઃ– વિમલકુમાર જેઠાભાઇ માલવીયા
રહે.સરદારચોક, મેઇન કેનાલ, સંસ્કૃતી એપાર્ટમેન્ટ પહેલા માળે,જેતપુર, તા.જેતપુર, જી.રાજકોટ.

**બાબતઃ– વટાઉખત અધિનિયમની, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે**

=====================================================

ફરીયાદ પક્ષેઃ– વિદ્વાન વકીલશ્રી સી.એસ.પટેલ

આરોપી પક્ષેઃ– કોઈ હાજર નથી.

=====================================================

**// ચુકાદો //**

(૧) આ કામના ફરિયાદીએ અત્રેની અદાલતમાં તા.૦૯.૦૨.૨૦૨૨ ના રોજ આરોપીઓ સામે વટાઉખત અધિનિયમની, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબની ખાનગી ફરીયાદ આપતાં વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું કોન્ગીઝન્સ લેવામાં આવેલ અને ફોજદારી કાર્યરીતી સંહીતાની

કલમ–૨૦૪ મુજબનો સમન્સ કરવામાં આવેલો તે રીતે ઈન્સાફી કાર્યવાહી ઉત્પન્ન થયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ધોરાજી શહેરમાં રહે છે અને કન્ટ્રકશનનુ કામ કરે છે. આરોપી જેતપુર મુકામે રહે છે અને કન્ટ્રકશનનું કામ ઉધડમાં રાખે છે જેન લઈને ફરિયાદી અને આરોપી વચ્ચે દોઢેક વર્ષથી ઓળખાણ છે અને આરોપી અને ફરિયાદી વચ્ચે મિત્રચારી બંધાયેલ જેને લઈને આરોપી અવાર નવાર ધોરાજી ફરિયાદીને ત્યાં આવતા અને ફરિયાદ પણ આરોપીને જેતપુર મુકામે જતા ત્યારે મળતા. તા.૨૬.૧૦.૨૦૨૧ ના રોજ આરોપીને પોતાના વ્યવસાય અર્થે નાણાંની જરૂરિયાત પડતા આરોપીએ ફરિયાદીને ફોન કરી હાથઉછીના નાણાં રૂા.૪,૦૦,૦૦૦/– ની માંગણી કરતા ફરિયાદીએ આરોપીને રકમ આપવા તૈયારી બતાવતા આરોપી તે જ દિવસે ધોરાજી આવેલ અને રૂા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા ફરિયાદી પાસેથી હાથઉછીના રોકડા લઈ ગયેલ અને આરોપી છાપેલ પ્રોમીસરી નોટ લાવેલ તેમાં ખાલી જગ્યાઓ ભરી રેવન્યુ સ્ટેમ્પ ચોડી પોતાની સહી કરી અને અસલ પ્રોમીસરી નોટ ફરિયાદીને આપેલ. બાદમાં ફરિયાદીએ તા.૨૭.૧૧.૨૦૨૧ ના રોજ આરોપી પાસેથી રકમની માંગણી કરતા આરોપી ધોરાજી આવેલ અને પોતાના ખાતા નં.૨૧૧૦૦૧૫૦૧૭૮૩ નો ચેક નં.૦૦૦૮૪૯ નો રૂા.૪,૦૦,૦૦૦/– પુરાનો ચેક પોતાના હાથે ફરિયાદીની હાજરીમાં તેમનુ નામ તથા તારીખ અને રકમ લખી ચેકમાં નીચે તથા પાછળ ફરિયાદીની હાજરીમાં આરોપીએ પોતાની સહી કરી ક્રોસ કરી અસલ ચેક ફરિયાદીને આપેલ અને આરોપીએ એવુ કહેલ કે મારે એકાદ માસમાં રકમ આવવાની છે એટલે એકાદ માસ બાદની તારીખનો ચેક તમોને આપુ છું. જે ચેક તમારા ખાતામાં વટાવવા માટે નાંખશો એટલે

તમોને રકમ મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો ફરિયાદીને આપેલ. આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ તા.૨૯.૧૨.૨૦૨૧ ના રોજ બેંક ઓફ બરોડા ધોરાજી શાખામાં તેમના ખાતામાં વટાવવા માટે નાંખતા અને તે ચેક આરોપીના ખાતામાં કલીયરીંગમાં જતા આરોપીના ખાતામાં પુરતુ ભંડોળ નહી હોય તા.૩૦.૧૨.૨૦૨૧ ના રોજ ફંડ ઇન સફીશીયન્ટના શેરા પરત ફરેલ. ઉપરોકત ચેક રીટર્ન થતા ફરિયાદીએ આરોપીને તા.૪.૧.૨૦૨૨ ના રોજ તેમના વકીલ મારફતે નોટીસ આપેલ જે નોટીસ આરોપીને મળી જવા છતાં નોટીસનો કોઇ જવાબ આપવા દરકાર કે પરવા કરેલ નહી કે નોટીસ મુજબ અમલ કરવા કે ફરિયાદીની લેણી રકમ વસુલ આપવા દરકાર કે પરવા કરેલ ન હોય જેથી તેઓ ફરિયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૩) મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ આંક-૧ નીચે ફરિયાદીની ફરિયાદ, સરતપાસ તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આરોપીનાએ નેગો.ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેનો ગુન્હો કરેલાનુ પ્રથમદર્શનીય રીતે જણાતુ હોય આરોપી વિરૂધ્ધ તે કલમ હેઠળના પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાના કેસ પુરવાર કરવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો:-</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી અરવિંદકુમાર હમીરભાઇ રાઠોડનું સરતપાસનું સોગંદનામુ | ૦૫ |

**<u>દસ્તાવેજી પુરાવો:-</u>**

| અ.નં. | વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | આરોપીએ ફરિયાદીને આપેલ ચેક નં.૦૦૦૮૪૯ | ૪/૧ |
| ૨. | બેંકમાં ચેક જમા કર્યાની પાવતી | ૪/૨ |
| ૩. | ચેક રીટર્ન મેમો | ૪/૩ |
| ૪. | ફરિયાદીએ આરોપીને આપેલ નોટીસ | ૪/૪ |
| ૫. | આરોપીને નોટીસ રજી.એડી.થી મોકલ્યાની પાવતી | ૪/૫ |
| ૬. | આરોપીને નોટીસ બજી ગયાની રજી.એડી.એકનોલેજમેન્ટ | ૪/૬ |
| ૭. | આરોપીએ ફરિયાદીને લખી આપેલ પ્રોમીસરી નોટ | ૪/૭ |

(૫) **સદર કામે ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.**

**૧.** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે આરોપીએ તા.૨૭.૧૧.૨૦૨૧ નો આઇ.સી.આઇ.સી.આઇ. બેંક લિ. જેતપુર શાખાનો આરોપીના ખાતા નં.૨૧૧૦૦૧૫૦૧૭૮૩ નો ચેક નં.૦૦૦૮૪૯, નો રકમ રૂ.૪,૦૦,૦૦૦/– પુરાનો લખી આપેલ. જે ચેક ફરિયાદીએ તેમની બેંકમાં ક્લીયરીંગમાં નાખતા ચેક "ફંડ ઈનસફીશીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલ જેથી ફરિયાદીએ તા.૪.૧.૨૦૨૨ ના રોજ રજી.એડી.થી નોટીસ આરોપીને આપેલ જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં નોટીસનો અમલ નહી કરી તેમજ આરોપીએ ફરિયાદમા જણાવેલ ચેક મુજબની રકમની ચુકવણી ન કરી આરોપીઓએ, વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

**૨.** શું બચાવપક્ષ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરી શકેલ છે?

**૩.** શું હુકમ?

(૬) **ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.**

૧. નકારમાં

૨. નકારમાં

૩.આખરી હુકમ મુજબ.

**//કા ર ણો//**

(૭) ફરિયાદી દ્વારા હાલની ફરીયાદ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે, ત્યારે આરોપીઓ સામેના આક્ષેપિત ગુના સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચુકવવા ફરિયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આવા ચેક સમગ્ર અથવા અંશતઃ કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતા.

૩. ચેક જે તારીખે લખેલ હતા તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ/એક્સીડ એરેંજમેન્ટના કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતિ મળ્યા બાદ ફરિયાદી દ્વારા ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક

લખનાર (આરોપી)ને મોકલવામાં આવેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેક મુજબના નાણાં પંદર દિવસની સમયમર્યાદામાં ચુકવી આપેલા નથી.

વધુમાં વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે, વિરુધ્ધનું પુરવાર ન થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આ અનુમાન ખંડન કરવાના બોજા આરોપીના શીરે છે.

**મુદ્દા નં.૧ ની ચર્ચાઃ–**

(૮) આ કામે ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા માટે ફરિયાદીએ સદર એક્ટની કલમ–૧૪૫(૧) અન્વયે ફરીયાદની હકીકતોને સમર્થનકારક પુરાવાનું આંક–૦૫ થી સોગંદનામુ રજુ કરી આરોપીઓએ કાયદેસરના દેવા પેટે ચેક આપેલાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે.

ફરિયાદીના આંક–૦૫ થી રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા જોવામાં આવે તો ફરિયાદીના પુરાવામાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે આરોપીએ ફરિયાદીને તા.૨૭.૧૧.૨૦૨૧ નો આઇ.સી.આઇ.સી.આઇ. બેંક લિ. જેતપુર શાખાનો આરોપીના ખાતા નં.૨૧૧૦૦૧૫૦૧૭૮૩ નો ચેક નં.૦૦૦૮૪૯, નો રકમ રૂા.૪,૦૦,૦૦૦/– પુરાનો લખી આપેલ. જે ચેક ફરિયાદીએ તેમની બેંકમાં કલીયરીંગમાં નાખતા ચેક "ફંડ ઈનસફીશીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલ જેથી ફરિયાદીએ તા.૪.૧.૨૦૨૨ ના રોજ રજી.એડી.થી નોટીસ આરોપીને આપેલ જે નોટીસ આરોપીને બજી ગયેલ છે. આમ આરોપીએ નોટીસનો અમલ

નહી કરી ફરિયાદમાં જણાવેલ ચેક મુજબની રકમની ચુકવણી કરેલ નથી.

સદર કામે ફરિયાદી પોતાનું સરતપાસનું સોગંદનામું અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, પરંતુ ફરિયાદી આરોપીને હાજર રખાવી શકેલ નથી. તેમજ ફરિયાદીએ આંક–૬ થી આરોપી સામે વોરંટ ઇસ્યું કરવા અરજી આપતા સદર અરજી મંજુર કરી આરોપી સામે પકડ વોરંટ ઇસ્યું કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૭ થી આરોપીનુ નવુ સરનામું રજુ કરવા મુદ્દત અરજી આપેલ. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮ અને આંક–૯ થી આરોપીનુ નવુ સરનામું રજુ કરવા પર હોય પરંતુ હજુ સુધી આરોપીનુ નવુ સરનામું મળી આવેલ ન હોય તે માટે મુદ્દત અરજી આપેલ જે અરજી મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૦ થી આરોપીના નવા સરનામે વોરંટ ઇસ્યું કરવા અરજી આપતા સદર અરજી મુજબ અત્રેની કોર્ટ દ્વારા નોટીસ કાઢવામાં આવેલ. સદરહું વોરંટની બજવણી કરવા જતા મજકુર મળી ન આવતા નિવેદન સાથે પરત ફરેલ છે જે આ કામે આંક–૧૧ થી રજુ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૨ અને આંક–૧૩ અને આંક–૧૪ થી આરોપીનુ નવુ સરનામું રજુ કરવાનુ હોય પરંતુ નવુ સરનામું શોધવા છતાં મળી આવેલ ન હોય આરોપીનુ નવુ સરનામું રજુ કરવા મુદ્દત મળવા અરજી આપતા સદર અરજીઓ મંજુર કરવામાં આવેલ છે. આમ, ફરિયાદીને આરોપીનું નવુ સરનામુ રજુ કરવા વારંવાર તક આપવા છતા ફરિયાદપક્ષે આરોપીનું નવુ સરનામુ રજુ કરી આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી. આમ, અત્રેની કોર્ટ દ્વારા આરોપીને હાજર રખાવવા પુરતા પ્રયત્નો કરવામાં આવેલ હોવા છતાં ફરિયાદી આરોપીને હાજર રખાવી શકેલ નથી. જેથી આરોપીએ નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર થતુ નથી. જેથી મુદ્દા નં.૧

નો જવાબ અત્રેની અદાલત દ્વારા "**નકારમાં**" ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચાઃ</u>–**

(૮) સદર કેસના રેકર્ડ ઉપરના પુરાવા ધ્યાને લેતાં, સદર કામની ફરિયાદ નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ ફરિયાદીએ ફાઈલ કરેલ છે પરંતુ, ફરિયાદી આરોપીને હાજર રખાવી શકેલ નથી. સદર કામે અત્રેની અદાલત દ્વારા ફરિયાદીને તક આપવા છતા તકનો લાભ લઈ આરોપીને હાજર રખાવી પોતાનો કેસ પુરવાર શકેલ નથી. આમ, ફરિયાદીને નવુ સરનામું રજુ કરવા માટે પણ પુરતી અને વ્યાજબી તક આપવા છતાં ફરિયાદી મુદ્દત તારીખે ચોકકસ નવુ સરનામું રજુ રાખેલ નથી કે આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ ન હોય તેમજ પોતાના કેસને પુરવાર કરેલ ન હોય આરોપીને વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સવાલ રહેતો ન હોય. જે તમામ હકીકતો ધ્યાને લેતા, સદર કેસ ચાર વર્ષ ઉપરાંત જુનો હોય. તેમજ ફરિયાદીએ કોર્ટ સમક્ષ હાજર રહી પોતાના કેસને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. જેથી અત્રેની અદાલત દ્વારા મુદ્દા નં.૨નો જવાબ "**નકારમાં**" માં ઠરાવી મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરનો હુકમ કરવામાં આવે છે.

// **<u>હુ ક મ</u>** //

**૧.** સદર કામે ફરિયાદીએ કરેલ નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ની અરજી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૬ અન્વયે આથી "**ના–મંજુર**" યાને રદ કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપી વિમલકુમાર જેઠાભાઇ માલવીયા, રહે. સરદાર ચોક, મેઇન કેનાલ, સંસ્કૃતી એપાર્ટમેન્ટ પહેલા માળે, જેતપુર, તા.જેતપુર, જી.રાજકોટ. નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૫(૧) અન્વયે વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ના ગુન્હા અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

**3.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

– હુકમ, આજ તારીખઃ–૧૩, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ-ધોરાજી.
તા.૧૩/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)